-: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૪),૪૩ અન્વયેનું જાહેરનામું :-

નં.ડીએમ/ડીસીએચ/૧૪૦૯/૨૦૨૧
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર તા.૧૪/૦૯/૨૦૨૧

વંચાણે લીધા :-

1) આ કચેરીના તા.30/0૭/૨૦૨૧ ના જાહેરનામાં ક્રમાંક નં.ડીએમ/ડીસીએચ/3૦૭/૨૦૨૧.
2) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક:૪૦-03/૨૦૨૦-DM-I (A), તા.૨૯/૦૬/૨૦૨૧.
3) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A, તા.૧૪/૦૯/૨૦૨૧

**જાહેરનામું :-**

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે પરિસ્થિતિને ધ્યાને લેતા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક નં.જીપી/૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ.૧/જી તા.૧૩/03/૨૦૨૦ થી ધી એપેડેમીક ડીસીસ એકટ-૧૮૯૭ અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS-2020 તેમજ તે અન્વયે વિવિધ માર્ગદર્શીકા જાહેર કરવામાં આવેલ છે જેની મુદત તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૨૩/03/૨૦૨૧ ના જાહેરનામાં નં.જીપી/૧૨/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ-૧/જી થી વધારવામાં આવેલ છે. આ સંબંધમાં ભારત સરકારશ્રી તેમજ રાજય સરકારશ્રી દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે.

રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લેતા રાજય સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૯/૦૭/૨૦૨૧ ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી રાજ્યના ૮ શહેરોમાં દરરોજ રાત્રીના ૧૧.00 કલાકથી સવારના ૦૬.00 કલાક સુધી રાત્રિ કર્ફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવામાં આવેલ. જે સરકારશ્રીના ગૃહવિભાગના વખતો વખતના હુકમથી તા.૧૫/૦૯/૨૦૨૧ના સવારના ૬.00 કલાક સુધી લંબાવવામાં આવેલ.

રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રવર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરી વંચાણ-(3) ના હુકમથી રાજયના ૮ શહેરોમાં તા.૧૫/૦૯/૨૦૨૧ ના રાત્રિના ૧૧.00 કલાકથી તા.૨૫/૦૯/૨૦૨૧ ના સવારના ૦૬.00 કલાક સુધી રાત્રિ કર્ફ્યુની અવધિ લંબાવવામાં આવેલ છે. તેમજ તા.૨૯/૦૭/૨૦૨૧ના હુકમથી લાગુ કરવામાં આવેલ અન્ય નિંયત્રણો તા.૧૫/૦૯/૨૦૨૧ ના સવારના ૦૬.00 કલાકથી તા.૨૫/૦૯/૨૦૨૧ ના સવારના ૦૬.00 કલાક સુધી યથાવત રાખવામાં આવેલ છે. જે મુજબ સરકારશ્રીની સુચનાઓનું ચુસ્તપણે અમલ થાય તે માટે સુચનાઓ બહાર પાડવી જરૂરી જણાય છે.

જેથી હું, **ડો.સૌરભ પારધી,** આઈ.એ.એસ., **કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૪), ૪૩ ની રૂઈએ મને મળેલ અધિકાર અન્વયે ફરમાવું છું કે,

જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર માટે આ કચેરીના વંચાણ-(૧) માં દર્શાવેલ તા.૩૦/૦૭/૨૦૨૧ ના જાહેરનામાંથી રાત્રી કર્ફ્યુ તા.૧૭/૦૮/૨૦૨૧ ના સવારના ૬.૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં મુકવામાં આવેલ ત્યારબાદ વખતો વખતના જાહેરનામાંથી રાત્રી કર્ફ્યુ તા.૧૫/૦૯/૨૦૨૧ ના ૦૬.૦૦ સુધી લંબાવવામાં આવેલ જે તા.૧૫/૦૯/૨૦૨૧ ના રાત્રીના ૧૧.૦૦ કલાકથી તા.૨૫/૦૯/૨૦૨૧ ના સવારના ૬.૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુની અવધી લંબાવવામાં આવે છે. રાત્રી કર્ફ્યુ દરરોજ રાત્રીના ૧૧.૦૦ કલાકથી સવારના ૬.૦૦ કલાક સુધી અમલમાં રહેશે

આ કચેરીના વંચાણ-(૧) માં દર્શાવેલ જાહેરનામાંથી જામનગર મ્યુનિશિપલ કોર્પોરેશન વિસ્તાર માટે લાગુ કરવામાં આવેલ નિંયત્રણો તા.૧૫/૦૯/૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૨૫/૦૯/૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાક સુધી યથાવત રહે છે તથા વંચાણ-(૧) માં દર્શાવેલ જાહેરનામાંની અન્ય વિગતો યથાવત રહે છે.

-: વિસ્તાર :-

આ જાહેરનામું સમગ્ર જામનગર જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે.

-: અમલવારી નો સમય :-

આ જાહેરનામું તા.૧૫/૦૯/૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૨૫/૦૯/૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંની બજવણી વ્યક્તિગત રીતે કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે તેમજ જામનગર જિલ્લામાં લોકોને સહેલાઈથી જાણ થાય તે માટે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાન પત્ર દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધિ કરવાની કામગીરી પોલીસ અધિક્ષકશ્રી, જામનગરે, જામનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરે, નગરપાલિકા વિસ્તારમાં સંબધિત નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓએ, ગ્રામ્ય વિસ્તારમાં સંબધિત તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ તથા જિલ્લાના અન્ય વિસ્તારોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જામનગરે કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ વિરુધ્ધ પગલા લેવા માટે ધી એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-3, ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, ૨૭૦, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫, ૧૩૯ મુજબ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૫૮ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૪ માહે: સપ્ટેમ્બર-૨૦૨૧ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

(ડૉ.સૌરભ પારધી)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

નકલ સવિનય રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

નકલ રવાના :-

(૧) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.

(૨) જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફસ્ટ કલાસ)કોર્ટ (તમામ)................

(૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂ.

(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

..આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા આપશ્રીની તાબાની કચેરીએ પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂ.

(૫) કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર

(૬) મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, જામનગર

(૭) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.

(૮) મામલતદારશ્રી,
જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.

(૯) મામલતદારશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, જામનગર

(૧૦) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા,......................... (તમામ)

(૧૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ...................(તમામ)

(૧૨) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

(૧૩) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાંની ૨(બે) નકલો આ સહ સામેલ છે, જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની ડી.એમ.શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

(૧૪) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું

(૧૫) કચેરીના નોટીસ બોર્ડ ઉપર.

(૧૬) સિલેકટ ફાઈલે.